હિમતનગરના હાથમતી બ્રીજ નો એક સાઈડનો રોડ બુધવારે બપોરે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હિમતનગરથી અંબાજી માર્ગ ફોર લેન બની રહ્યો છે ત્યારે શહેરના હાથમતી બ્રીજ પણ પહોળો કરવાને લઈને ઓક્ટોમ્બર ૨૦૧૭માં બંધ કરવામાં આવ્યો હતો અને આઠ મહિના બાદ આજે અંદાજે ૧૧ કરોડ ખર્ચે આકાર લઈ રહેલ ફોર લેન બ્રીજ ની એક સાઈડ વાહનચાલકો માટે શરુ કરવામાં આવી હતી.બ્રીજ પહોળો કરવાને લઈને કલેકટરના જાહેરનામાથી આપેલ ડાઈવર્જન આપેલ મહેતાપુરા બેઠા પુલ પર ભારે ટ્રાફિક જામ થતા પરેશાન થતા હતા વાહન ચાલકો જેમને હવે નવા બ્રીજને એક સાઈડ શરુ કરતા ટ્રાફિકથી પરેશાન નહિ થવું પડે અને અગામી દિવસોમાં ચાલતું કામ પૂર્ણ થતા બ્રીજની બીજી તરફની સાઈડ પણ વાહન ચાલકો માટે ખુલ્લી મુકવામાં આવશે.જેને લઈને શહેરના ટ્રાફિકની સમસ્યા મહદઅંશે ઓછી વર્તાશે.

મોડાસાના ભેરૂંડા ગામે તળાવમાંથી ડમ્પરોથી માટી ઉલેચાતાં

ખેતરમાં ઉભા પાક પર સંકટ

મોડાસા, તા. ૨૩

રાજ્ય સરકારની સુઝલામ સૂફલામ યોજના અંતર્ગત ૧ લી મે થી ૩૧ મે સુધી તળાવો ઉંડા કરવાની યોજના લોકભાગીદારીથી શરૂ કરવામાં આવી છે. જેનો આશય ચોમાસામાં તળાવોમાં પાણી સંગ્રહ કરી જમીનમાં પાણીના સ્તર ઉંચા લાવવાનો છે. આ યોજના અંતર્ગત ખેડુતોને પોતાના ખેતરની જમીનને નવસાધ્ય કરવા તેમના સાધનો દ્વારા તળાવના માટી-કાંપ વિના મુલ્યે ઉપાડવા દેવામા આવે છે. સરકારે જે અભિયાન ઉપાડ્યુ છે તેમાં ખેડુતોને ચોક્કસ લાભ થશે પરંતુ ઘઉના સાથે ચીલ પણ પાણી પીવે છે તે જોવાનુ કામ સરકારી તંત્ર ચુકી ગયુ છે તેવું જણાઇ રહ્યુ છે.

આ અંગે મળતી માહિતી મુજબ ભેરૂંડા ગામના તળાવમાં છેલ્લા કેટલાય દિવસથી યોજનાની આડમાં માટી પુરણનું કામ કરતી કંપનીઓના ડમ્પરો દિવસ રાત માટી ઉલેચી રહ્યા છે જેના કારણે આસપાસના ખેડુતો પરેશાન થઇ ગયા છે. માટી લઇ જતા ડમ્પરોના કારણે ભેરૂંડા ગામના રસ્તા પર ધુળની ડમરીઓ ઉડી રહી છે. આ ધુળના કારણે ખેડૂતોનો મહામુલો પાક પણ ખરાબ થઇ રહ્યો છે. ભેરૂડા ગામમાં તળાવાની પાળ નજીક આવેલ એક ખેડૂતે પોતાની આપવિતી જણાવી કે ''રાત-દિવસ ડમ્પરો દ્વારા માટી ભરી અમારા ખેતરની અંદરથી રસ્તો બનાવી લઇ જવામાં આવે છે. અમો જ્યારે વિરોધ કરીએ છીએ તો ડમ્પરવાળા કહે છે કે સરકારી યોજના છે. ધુળના કારણે અમોએ વાવેલ

બાજરીના પાકને ખુબજ નુકશાન થયુ છે. બાજરી પર માટી જામી ગઇ છે. આ માટી પુરણની કંપનીઓ સરકારી યોજનાના નામે બેફામ વર્તિ રહી છે.

આ ખેડૂતના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫ દિવસથી દિવસ રાત ડમ્ફરવાળા ભેરૂડા તળાવમાંથી માટી કાઢી રહ્યા છે. ૨ સરકારી યોજના ખેડૂતો માટેની છે અને ખેડૂતો પાસે સામન્ય રીતે ટ્રેકટરો હોય છે પરંતુ ડમ્પરો દ્વારા માટી કાઢી પોતાનો ધંધાકીય હેતુ સાધી સરકારી તીજોરીને કરોડોનુ નુકશાન કરવામાં આવી રહ્યુ છે.

ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવ યોજાયો

ભિલોડા,તા.૨૩

ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવ શ્રધ્ધાભેર ધામધુમ પુર્વક ભાવિક ભક્તો ધ્વારા યોજાયો હતો. ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવની ભાવિક ભક્તો ધ્વારા ધામધુમ પુર્વક ઉજવણી કરાઈ હતી. મુખ્ય યજમાન પદે હરેશભાઈ જોષી, જશવંતલાલ ઉપાધ્યાય, લક્ષ્મીકાંતભાઈ પંડ્યા, ભરતભાઈ પંડ્યા તેમજ પુનાસણ ગામના કર્મકાંડી ગોર મહારાજ ભીખાભાઈ વ્યાસએ વૈદિક મંત્રોચ્ચાર ધ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. યોગેશભાઈ ઉપાધ્યાય ધ્વારા મહાપ્રસાદીનું આયોજન હાથ ધરાયું હતું. મહાકાલી માતાજીના મંદિરમાં ભાવિક ભક્તોએ દર્શન કરી આશીર્વાદ મેળવી મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ધુલેટા જલારામ મંદીર ટ્રસ્ટ પ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાય, સંતો, મહંતો, ભાવિક ભક્તો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ધુલેટા ગામમાં મહાકાલી માતાજીના મંદિરમાં પાંચમો પાટોત્સવ શ્રધ્ધાભેર ઉજવાયો હતો.

ધનસુરા-સાભેરી તળાવની કામગીરીની મુલાકાત લેતા ભાજપના પ્રદેશમંત્રી

ધનસુરા, તા.૨૩

સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ કાર્યક્રમ અંતર્ગત ધનસુરા તળાવ અને સાભેરી તળાવ ઉંડા કરવાના કામોની સ્થળ ની ભાજપ ના પ્રદેશ મંત્રી હર્ષદગિરી ગોસ્વામીએ મુલાકાત લીધી હતી. સમગ્ર રાજયમાં જળસંચય અભિયાન હાથ ધરાયુ છે ત્યારે ધનસુરા તળાવ અને ધનસુરાના સાભેરી તળાવની કામગીરીની ભાજપના પ્રદેશમંત્રી હર્ષદગિરી ગોસ્વામીએ મુલાકાત લીધી હતી સાથે ધનસુરા ના સરપંચ યશવંતભાઈ પટેલ, સાબરડેરી ના વાઈસ ચેરમેન કાંતિભાઈ પટેલ, અરવલ્લી ભાજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધનસુરા ભાજપ ના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલ, ધનસુરા ભાજપના અગ્રણી મનોજભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજના ઝીઝવાથી લઈ ગયેલ

કાર પરત ના કરતાં કાર માલિક દ્વારા બે સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ,તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ઝીઝવા ખાતે રહેતાં પરિવાર સાથે સારો સંબધ કેળવી વિશ્વાસમાં લઇ ભરૂચ ખાતે રહેતાં બા ની ખબર કાઢવા જવું છે તેમ કહીને મારૂતિ કંપનીની ઈકો કાર લઈને ફાઈનાન્સમાં રૂ. ૧,૨૫,૦૦૦માં મુકી પરત ના કરતાં કાર માલિક દ્વારા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ઝીઝવા ખાતે રહેતાં વિષ્ણુભાઈ પ્રભુદાસ પટેલને વિશ્વાસમા લઈને ફરીયાદીની મારૂતિ કંપનીની ઈકોગાડી નં જીજે.૧૮. ડીએફ.૪૫૨૪ ને ફરીયાદી પાસેથી આરોપી સુનીલકુમાર કાંતીલાલ પટેલ તથા તેની પત્ની હર્ષાબેન સુનીલભાઈ કાંતીલાલ પટેલ બન્ને રહે ગલેકસી સિનીમા, માન સરોવર ફેલટ નંબર એ-૩૦, નરોડા અમદાવાદનાઓએ બા ની ભરૂચ ખબર કાઢવા જવાનું કહીને લઈ જઈ ફાઈનાન્સમાં રૂ. ૧,૨૫,૦૦૦માં મુકીને પરત ના આપતાં ખોટા બહાના બનાવી ખોટા ખોટા વાયદા કરી પરત આપવાના વાયદાઓ પુરા થયા છતાં આજદિન સુધી ઈકો ગાડી પરત નહિ કરતાં ફરીયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગાડી પરત ના કરતાં ફરીયાદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પોલીસે આઈપીસી કલમ ક. ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

પાલનપુરની મહાલક્ષ્મી સોસાયટીમાં દાગીના સહિત રૂ.૧.૫૦ લાખની ચોરી

પાલનપુર, તા.૨૩

પાલનપુર ખાતે બેચરપુરા વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી સોસાયટીમાં સોમવારે રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જ્યાં એક રહેણાંક મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે મકાન માલિકે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી. પાલનપુર ખાતે જિલ્લા પંચાયત પાછળ બેચરપુરા વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી સોસાયટીમાં સોમવારે રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમણે સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ બાબુભાઈ પટેલના મકાનને નિશાન બનાવ્યું હતુ.

પાલનપુરમાં ગાંજાનો છોડ મળી આવતા ગુનો નોંધાયો

પાલનપુરમાં ઉદ્યોગપતિની માલિકીની જમીનમાંથી સ્થાનિક ગુના શોધક શાખાએ અનઅધિકૃત રીતે વાવેલા ગાંજાના છોડને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી

પાલનપુર, તા.૨૩

પાલનપુરના સબ મરસીબલના ઉદ્યોગપતિએ પોતાની માલિકીની જમીનમાં ગાંજાની ખેતીનો છોડ ઉછેર્યા હતા કોઈ પણ જાતની પરવાનગી વગર નશાયુક્ત ગાંજાના છોડ ઉછેરવાની મળેલી બાતમીને આધારે સ્થાનિક ગુના શોધક શાખાએ આ ઉદ્યોગપતિની માલિકીની જમીનમાંથી ગાંજાના છોડ ને ઝડપી પાડ્યા હતા. ચાર કિલો ગાંજાના છોડ ઝડપી અને એસઓજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર ડીસા હાઈવે, લડબી નાળા પાસે આવેલ એમ.જી સબમર્શીબલ મોટર એસેસરીઝ (તોરણ ટ્રેડ લીંક, ડ્યુકપંપ)ના માલીક વિનોદભાઈ રામાભાઈ પટેલ ની માલીકીની જગ્યામાં આવેલ કંપાઉન્ડમાં ગે.કા. અને અનઅધિકૃત રીતે ગાંજાના છોડનુ વાવેતર કરી ઉછેર કરેલ છે તે આધારે તપાસ કરતાં સદર જગ્યાએથી ગાંજાના બે છોડ ૪ કિલો ૨૦૦ ગ્રામના મળી આવતાં પોલીસે ૨૫ હજારના કિંમતના ગાંજાના છોડ સાથે પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૩૧/૨૦૧૮ એન. ડી. પી. એસ. એકટ ૧૯૮પની કલમ ૨૦ બી-૧, મુજબ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં પાણી બાબતે વિરોધ પક્ષ આડખીલી રૂપ : પ્રજામા રોષ

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા નગરમાં હાલમાં પાણીની સમસ્યા વકરી રહી છે ત્યારે નગર પાલિકા દ્વારા શહેરીજનો માટે પાણી વડાલી થી લાવવામાં આવે છે જેના ખર્ચ સામે વિરોધપક્ષ ધ્વારા ચીફ ઓફિસરને લેખિત જાણ કરી નગરપાલિકાને નુકસાનમાંથી બચાવવા માંગ કરી છે.

પણ અગાઉની સરકાર કરતા ખર્ચના આકડા ઓછા છે તેથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે કે શુ પ્રજાને હાલ પુરતો જથ્થો પાણી મળે તે આશય હાલની સત્તા ધારી પક્ષનો છે

ખેડબ્રહ્મામાં પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે નગરપાલિકા શહેરના કૂવાઓમાંથી પાણી આપી વધારાનું પાણી વડાલીથી લાવવામાં આવે છે જેના ૧૦૦૦ લિટરે ૪ રૂપિયા ચૂકવવા પડે છે અને ભવિષ્યમાં આ રકમ ખૂબ મોટા આંકડામાં આવશે અને તે પણ નગરપાલિકાના સ્વભંડોળમાંથી આપવી પડશે જેથી નગરપાલિકા પાસે બચત રહેશે નહીં, જેથી વિરોધ પક્ષના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા નગર પાલિકાનો ધરોઈ ડેમમાં ચાપલપુરમા કૂવો આવેલ છે અને ત્યાં પાણી પૂરતી માત્રામાં છે અને લાઈટ, મોટરની વ્યવસ્થા હોવા છતાં સત્તાધીશો દ્વારા આ પાણી લાવવાની કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી આ કુવામાંથી ફક્ત લાઈટબીલ ના ખર્ચમાં કોઈ પણ ચાર્જ વગર પાણી આવે તેમ હોઇ નગરપાલિકાને આર્થિક નુકશાન ન થાય તેમ છે છતાં સત્તાધીશો કેમ કોઈ કાર્યવાહી કરતા નથી

નગરપાલિકાના પાણી પૂરવઠા ચેરમેન નિકુંજ રાવલના જણાવ્યા અનુસાર ચાપલપુર કુવા પર મોટર લાંબો સમય ચલાવવી પડે છે જે વારંવાર બળી જાય છે જ્યારે લાઈટ ન હોય ત્યારે ડીઝલ પમ્પ ચલાવવો પડે અને બે ફરજીયાત કર્મચારી રાખવા પડે છે વારંવાર પાઈપ લાઈન ફાટવાથી પ્રજા ને પાણી વગર ટળવળવુપડેછે પડે જે ખર્ચ વધી જાય તેમ હોઈ વડાલી થી પાણી મંગાવવામાં આવે છે જે સરવાળે નગરપાલિકાના ફાયદામાં જ છે છે અને શહેરી જનો ને સમયસર પાણી મળી રહે તે હેતુથી આ પાણી લાવવાની યોજના બનાવી છે.

ધાનેરામાં બિલ વગર થતું પેપ્સીનું વેચાણ : ઘરની બ્રાન્ડ બનાવી ઈન્કમ છુપાવતા પેપ્સી માલિકો

ધાનેરા, તા.૨૩

ધાનેરામાં પેપ્સીની અનેક ફેકટરીઓ જોવા મળી રહી છે અને ખુલ્લે આમ છકડાં-ગાડીઓ ભરીને ગામડાઓમાં વેચી રયા છે જેનું કોઈ પણ બિલ હોતુ નથી આમ આવક છુપાવવા બિલ વગરનો ધંધો કરી તેમજ સેકીનવાળી પેપ્સી વેચી લોકોનાં આરોગ્યને નુકસાન થઈ રહ્યું છે. આ બાબતે ધાનેરામાં આવી ફેકટરી ઓ ઘરે-ઘરે બની છે જેના પર આરોગ્ય ખાતું તપાસ કરી અને દુકાન પર વેચાતી પેપ્સી કોલા કયાંથી આવે છે જેવી તપાસ કરી યોગ્ય સેમ્પલ લઈ કાયદેસરની કાર્યવાહી થાય તેવી લોકોની માંગ

છે. પેપ્સીઓમાં ગમે તેવા ગંદા પાણીનો પણ ઉપયોગ થતો હોય તેવું જાણવા મળેલ છે આ બાબતે આરોગ્ય ખાતું અગમચેતીથી પગલાં ભરે જેથી ભવિષ્યમાં લોકોનાં આરોગ્ય નુકસાન ન થાય.

મોડાસા શહેરમાં આખરે ફૂડ એન્ડ ડ્રગ તંત્ર ૫ જથ્થાબંધ કેરીના વેપારીઓના ત્યાં દરોડા

તંત્ર દ્વારા ૧૨૦૦ કિલો અખાદ્ય કેરીનો નાશ કરાયો

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં ઈથેલીન અને કાર્બાઈડથી કેરીઓ પકવી મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લાના પ્રજાજનોના પેટમાં કેટલાક લેભાગુ વેપારીઓ ઝેર પધરાવી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠ્યા બાદ અને ફૂડ એન્ડ ડ્રગ તંત્ર વિભાગના અમુક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત અને ખિસ્સા ગરમ કરી ઈથેલીન અને કાર્બાઈડ સહીત અન્ય ચાઈના બનાવટનું કેમિકલ છાંટી વેપારીઓ કેરીઓ પકવી કોઈ પણ જાતનો ડર ન હોય તેમ બેખોફ બનતા મોડાસા શહેરના ૫ હોલસેલ વેપારીઓને ત્યાં ફૂડ એન્ડ ડ્રગના વિભાગે દરોડા પાડી ૧૨૦૦ કિલો અખાદ્ય કેરીના જથ્થાનો નાશ કર્યો હતો.

અરવલ્લી જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની નબળી કામગીરીથી ખાદ્ય ચીજવસ્તુઓમાં મિલાવટ સામાન્ય બની છે. જિલ્લા સહીત મોડાસા શહેરમાં ઠેર ઠેર કેરીઓના હોલસેલ વેપારીઓ કાર્બાઈડ અને ઈથિલીનનો ઉપયોગ કરી ફળો પકવવાનો ગોરખધંધો ફૂલો ફાલ્યો છે તેમ છતાં ફૂડ એન્ડ ડ્રગ તંત્ર અને આરોગ્ય વિભાગે આંખે પાટા બાંધ્યા હોય તેમ ખાનાપૂર્તિ કામગીરી કરી રહ્યા છે. બુધવારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મોડાસા શહેરના ૫ હોલસેલ કેરીના વેપારીઓના ત્યાં દરોડા પાડી ૧૨૦૦ કિલો અખાદ્ય કેરીના જથ્થો ઝડપી પાડી કેરીઓનો નાશ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ઈથિલીનની પડીકીઓ પણ કેરીઓના બોક્સમાંથી મળી આવતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બોગસ પાવતીઓ બનાવી પશુઓ કતલખાને ધકેલનારા ત્રણની અટકાયત

પાલનપુર, તા.૨૩

પાલનપુર સ્થિત મહાજન પાંજરાપોળના નામે બોગસ પાવતી બનાવી પશુઓને પાંજરાપોળમાં મુકવાને બદલે કતલખાને ધકેલી દેવામાં આવતા હોવાના કૌભાંડનો પર્દાફાસ થતાં સમગ્ર જિલ્લામાં

ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે પશુઓ લઈ જનારા વાહનનો નંબર મળી આવતાં તેના ચાલક સામે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. જેના આધારે તાલુકા પોલીસે ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા. જેમને સોમવારે પાલનપુરની કોર્ટમાં રજુ કરવામાં આવતાં ન્યાયાધીશે સબ જેલમાં ધકેલવાનો હૂકમ કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લામથક પાલનપુર ખાતે કાર્યરત મહાજન પાંજરાપોળના સંચાલક વર્ધાભાઈ ચેલજીભાઈ પારેખે પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પાલનપુર તાલુકાના ખોડલા ગામે રહેતા હરેશભાઈ ભીખાભાઈ ઝુડાલે તેમના ગામના પશુપાલકોના છ નાના પશુઓ પાલનપુર પાંજરાપોળમાં મોકલી તેની ખાત્રી કરવા માટે ફોન કર્યો હતો. જોકે, આવા કોઇ પશુઓ પાંજરાપોળમાં આવ્યા ન હોવાથી ગામમાં જઈને રૂબરૂ ખાત્રી કરતાં પાલનપુર પાંજરાપોળની ખોટી પાવતીઓ બનાવી પશુઓ કતલખાને મોકલવામાં આવતા હોવાનું જાણવા મળ્યું હતુ. દરમિયાન પશુપાલકોએ જે વાહનમાં પશુઓ મોકલ્યા હતા. તેના નંબરના આધારે બે શખ્સો સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે તપાસ કરી ખોટી પાવતીના આધારે પશુઓ લઈ જનારા ભીખાભાઈ ગમાનભાઈ રાવળ અને રમેશભાઈ મગનભાઈ ઠાકોર તેમજ પશુઓ ખરીદનારા ડીસાના મહંમદસલીમ ફકીરમહંમદ કુરેશીને ઝડપી લીધા હતા. આ આરોપીઓને સોમવારે પાલનપુર કોર્ટમાં રજુ કરતાં ન્યાયાધીશે તેમને સબજેલમાં ધકેલવાનો હૂકમ કર્યો હતો.

પ્રાંતિજ પોલીસે કતપુર પાસેથી દારૂના નશામાં ચકચુર સાત નબીરાઓ પકડાયા

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર પાસે પ્રાંતિજ પોલીસ દ્વારા વાહન ચેકીંગ દરમ્યાન હિંમતનગરથી આવતી કારમાં તપાસ કરતાં ચાલક સહિત કારમાં સવાર છ જણ દારૂના નશામાં ચકચૂર મળી આવતાં પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ કતપુર ટોલ નાકા પાસે પ્રાંતિજ પોલીસ વાહન ચેકિંગમા હતી તે દરમિયાન હિંમતનગર તરફ આવતી કાર ઈકો નંબર-જીજે.૦૭.બીઆર.૮૮૯૮નો ચાલક કારને આમ તેમ રેલાવતો રેલાવતો ચલાવી લઈ આવતા પોલીસને શંકા જતા ગાડી ઉભી રાખતાં ગાડીમાં તપાસ કરતાં ગાડીમાં સવાર અન્ય છ ઈસમો નશામાં ચકચુર હતાં અને ગાડીમાં દારૂની વાસ મારતી હતી. એક પછી એકને નીચે ઉતારવામાં આવતાં એકનું પણ બેલેન્સ ના જળવાતાં અને કોઈની પાસે દારૂ પિવાનુ પાસ પરમીટ ના હોવાથી પ્રાંતિજ પોલીસે કારચાલક દિલીપભાઈ મનુભાઈ શોઢા. રહે. પીથય, તા. કઠલાલ, જી. ખેડા તથા કારમાં સવાર અન્ય છ જેમાં અશોકભાઈ મહેશભાઈ ડાભી રહે. પીથય, તા. કઠલાલ, જી-ખેડા, વિનોદકુમાર કિરીટભાઈ દરજી રહે-કઠલાલ, પોયડા ભાટેરા, તા.કઠલાલ, જી.ખેડા, સુરેશકુમાર ગગાભાઈ પરમાર રહે. કઠલાલ, પોયડા ભાટેરા, તા. કઠલાલ, જિ-ખેડા, ભીખાભાઈ મણીલાલ ડબગર રહે. કઠલાલ, તા. કઠલાલ, જી. ખેડા, કમલેશભાઈ મોહનભાઈ પરમાર, રહે. મીનાવાડા, પાણીની ટાંકી પાસે તા. મહુધા, જી. ખેડા, બંદીશકુમાર ઉર્ફે પિન્ટુભાઈ નટુભાઈ દરજી, રહે. કઠલાલ, આઝાદ પોળ તા. કઠલાલ, જી. ખેડા એમ સાતેય સામે પોલીસે ગુનો નોધી પ્રોહીબીશન એકટ કલમ- ૮૫-૧, ૬૬(૧)બી મુજબ કાયદેસરની ફરીયાદ લખી આગળની તપાસ હાથ ધરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧